# હિંમતનગરમાં કોરોનાની ભયજનક સ્થિતિ : નવા ૧૧ કેસ

## તલોદ, વડાલી અને ઈડરમાં એક એક કેસ નોંધાયા : જિલ્લામાં કોરોના પોઝીટીવના કુલ કેસનો આંકડો ૩૯૭ થયો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન કોરોનાનો ખોફ વધી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં એકલા હિંમતનગરમાં ૧૧ કેસ નોંધાયા છે જ્યારે તલોદ, વડાલી અને ઈડરમાં એક એક કેસ મળીને કુલ ૧૪ કેસ પ્રકાશમાં આવ્યા છે. જેથી અત્યારે હિંમતનગરમાં કોરોનાની સ્થિતિ ખુબજ ભયજનક છે અને કુલ કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૩૯૭ પર પહોંચી ગયો છે. મળતી માહિતી મજુબ જિલ્લામાં સૌથી વધુ ખરાબ સ્થિતિ હિંમતનગરની થઈ રહી છે છતાં લોકો જાગૃત થતા નથી.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં જે નવા ૧૧ કેસ નોંધાયા છે તેમાં પોલોગ્રાઉન્ડમાં ૫૫ વર્ષીય મહિલા તથા નવી મહોલાતમાં ૫૯ વર્ષીય પુરૂષ અને મહાવીરનગરમાં આવેલ શાંતિપાર્ક સોસાયટીમાં ૫૧ વર્ષીય પુરૂષ અને ૫૪ વર્ષીય પુરૂષ, ઉમિયા પરીવારમાં ૭૨ વર્ષીય પુરૂષ, હસનનગરમાં ૫૪ વર્ષીય પુરૂષ, બ્રહ્માણીનગરમાં ૪૫ વર્ષીય પુરૂષ, જુની સિવિલ વિસ્તારમાં ૫૭ વર્ષીય પુરૂષ તથા સવગઢ વિસ્તારમાં આવેલ મદની સોસાયટીમાં ૩૬ વર્ષીય પુરૂષ અને પાણપુર પાટીયામાં ૫૮ વર્ષીય મહિલા કોરોનાની ઝપેટમાં આવી ગયા છે.

તેજ પ્રમાણે તલોદની સર્વોદય સોસાયટીમાં ૫૧ વર્ષીય પુરૂષ, ઈડર તાલુકાના ભદ્રેસરમાં ૩૫ વર્ષીય પુરૂષ અને વડાલીમાં ૪૨ વર્ષીય પુરૂષ કોરોનાનો ભોગ બન્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં જે નવા ૧૪ કેસ નોંધાયા છે તે પૈકી મોટા ભાગના લોકો પુરૂષો છે જેથી એમ લાગે છે કે ઘરના મોભીએ કામસારૂ બહાર નિકળવાનું થાય તો સરકારની ગાઈડલાઈન્સનો પુરેપુરો અમલ કરવો જોઈએ અને શક્ય હોય તો ટોળામાં ઉભા રહેવાનું ટાળવુ જોઈએ.

મળતી માહિતી મુજબ હિંમતનગરમાં રોજબરોજ જિલ્લાના અન્ય સ્થળો કરતા પોઝીટીવ કેસોની સંખ્યા વધી રહી છે તે જોતા એવુ લાગે છે કે આગામી ૧૫ દિવસ લોકોએ વધુ સાવચેતી રાખવાની જરૂર છે. નહી તો સ્થિતિ કાબુ બહાર જવાની શક્યતા નકારી શકાતી નથી. અત્યાર સુધીમાં જે કુલ આંકડો ૩૯૭ પર પહોંચી ગયો છે તે પૈકી એકલા હિંમતનગર શહેર અને તાલુકામાં મળી કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૧૮૫ થવા જાય છે અને તેમાં પણ શહેરી વિસ્તારમાં ૯૯ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૮૬ કેસ છે. બીજા નંબરે પ્રાંતિજ તાલુકો આવે છે જ્યાં શહેરી વિસ્તારમાં ૩૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ કેસ મળી કુલ આંકડો ૭૫ થયો છે. જોકે પોશીના અને વિજયનગર તાલુકામાં કોરોનાની અસરો ખુબજ નહિવત જણાઈ રહી છે. જેમાં પોશીના તાલુકામાં ૪ અને વિજયનગર તાલુકામાં અત્યાર સુધી ૯ કેસ નોંધાયા છે પરંતુ એક પણ દર્દીનું મોત થયુ નથી જે સારી બાબત છે. અત્રે યાદ રહે કે સરકાર અને આરોગ્ય નિષ્ણાતો આગામી ૧૫ દિવસ ખુબજ જોખમી હોવાનો દાવો કરી રહ્યા છે. ત્યારે પ્રજાએ સાવચેતીપૂર્વક અને જાગૃતિ દાખવીને નિયમોનું ચૂસ્ત પાલન કરી કોરોનાને મ્હાત આપવા તૈયાર રહેવુ જોઈએ તેમાં જ પોતાની અને પરીવારની સલામતી છે.

## ડીસામાં કોરોનાના વધુ ૬૭ કેસ

ડીસા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે બુધવારે પણ વધુ ૬૭ કેસ સામે આવતા ફફડાટ સાથે ભારે દોડધામ મચી જવા પામી હતી. કોરોનાના વધતા જતા કેસોને લઈ બાનમાં મુકાયેલા શહેરીજનોમાં પણ ભય ફેલાઈ જવા પામ્યો છે.

કોરોનાના કેસના દર્દી : બબીબેન બાબુલાલ શાહ આદિનાથ સોસાયટી, ડીસા, ફુલાભાઈ લક્ષ્મણભાઈ નાઈ સરસ્વતીપાર્ક, ડીસા, શાંતાબેન મહેશભાઈ મોદી લાઠી બજાર, ડીસા, રઈબેન કાંતિભાઈ બોસિયા હરસોલિયાવાસ, ડીસા, અંકલેશભાઈ ધનાભાઈ મોદી શુભ સોસાયટી, ડીસા, મેઘરાજભાઈ ગોવિંદભાઈ માળી વિરકૃપા હનુમાન સોસાયટી, ડીસા.

## મોડાસાના સિનીયર તબીબ ડૉ. દિનકરભાઈ દવેનું અવસાન

મોડાસા, તા. ૨૯

મોડાસા નગરના તબીબી આલમના ભીષ્મ પિતા સમાન, દર્દીના પરમ સ્નેહી અને જેને તમામ વર્ગના લોકોની ચાહના મેળવી છે એવા ડૉકટર દિનકરભાઈ દવે જેને લોકો પ્રેમથી ‘દવે સાહેબ’ કહેતા. તે આપણી વચ્ચે દૈહિક રહ્યા નથી પણ તેમનું કાર્ય, સિંદ્ધાંતો અને મૂલ્યો સદૈવ આપણને આપણા કર્તવ્ય પથ પર ચાલવાની પ્રેરણા આપતા રહેશે. મોડાસા તબીબી આલમની આ ના પુરાય તેવી ખોટ છે. ભગવાન તેમના આત્માને શાંતિ આપે. માણસાઈનો આબેહુબ નમુનો ભગવાનમાં લીન થઈ ગયો.



આજે તબીબી ક્ષેત્રે ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે કેટલીક કોર્પોરેટ હોસ્પિટલો તો જાણે રૂપિયા છાપવાના કારખાના બની ગઈ તેવો ઘાટ થયો છે. આજે દર્દી સાથે ગ્રાહક જેવો વર્તાવ કરાઈ રહ્યો છે એવા કાળમા યજ્ઞની ધૂણી ધખાવી બેઠેલા આધુનિક સંત નિષ્ઠાવાન નિસ્વાર્થ સેવાભાવી અને ઊંડા અભ્યાસુ તબીબ ઘુમાવવાથી મોડાસા પંથકમાં મોટી ખોટ પડી છે. મોડાસા નગરમા હર હંમેશ તેમની સેવા જવલંત બની રહેશે.

## ઉભરાણમાં સરકારી આયુર્વેદિક દવાખાનાનું મકાન બનાવવા માંગ

### ગ્રામ પંચાયત દ્વારા જમીન અપાઈ છતાં નવીન મકાનની મંજૂરી ના મળતા રોષ

ઉભરાણમાં એકમાત્ર આયુર્વેદિક સરકારી દવાખાનું ભાડાના મકાનમા વર્ષોથી ચાલે છે, અત્યાર સુધી જે મકાનમા ચાલે છે તે જર્જરિત હાલતમાં હોઈ ચોમાસા દરમ્યાન દુર્ઘટના થવાની શકચતાઓ સેવાઈ રહી છે. કોરોનાની મહામારીમાં સરકાર આરોગ્ય વિભાગ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવા છતા નવીન મકાન અંગે કોઈપણ ગ્રાન્ટ આપવામા આવેલ નથી. આયુર્વેદિક દવાખાનું ભાડાના મકાનમાં અને જર્જરિત હાલતમાં ચાલતું હોય દર્દીઓ સારવાર અર્થે જતા સંકોચ અનુભવે છે. ત્યાં કોઈ આધુનિક સગવડો ઉપલબ્ધ નથી, માલપુરથી ૨૭ કિલોમીટર દૂર ઉભરાણ અને તેની આસપાસના વિસ્તારની વીસ હજારની વસ્તી હોઈ સરકારી દવાખાનું અદ્યતન ના હોય જેના કારણે ખાનગી હોસ્પિટલમાં મોંઘીદાટ ફી ચૂકવવી સારવાર લઈ રહ્યા છે, જેનાથી મકાન બનાવવાની માંગ ઉગ્ર બની છે. જે અંગે ડોક્ટરે જણાવ્યું હતું કે ૧૯૮૯ થી સરકારી દવાખાનું ભાડાના મકાનમાં ચાલે છે, ઉભરાણ ગ્રામ પંચાયતે જમીન ફાળવી આપી છે, જે અંગે જિલ્લાકક્ષાએ રજુઆત કરી છે પરંતુ હજુ સુધી મકાન બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

## મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલનો બાયોમેડિકલ વેસ્ટ માઝુમ નદીના કિનારે સળગાવવામાં આવતો હોવાની બૂમ

મોડાસા, તા. ૨૯

કોરોનાના અત્યંત ચેપી રોગચાળા દરમ્યાન મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલોમાંથી નીકળતા બાયોમેડિકલ વેસ્ટ અને કચરાને માઝુમ નદીના કિનારે ગમે ત્યાં ફેંકી દેવામાં આવતો હોવાની સાથે માઝુમ નદી પાસે સળગાવવામાં આવતો હોવાની ગંભીર ફરિયાદ ઊભી થવા પામી છે. મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાંથી નીકળતો કચરો અને બાયોમેડિકલ વેસ્ટનો નિકાલ નિયમ મુજબ કરવામાં ન આવતો હોવાની બૂમો ઉઠી રહી છે. મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલ દ્વારા માઝુમ નદીના કિનારે બાયો મેડિકલ વેસ્ટ અને કચરાનો નિકાલ કરવામાં આવતા આ અંગે નજીકમાં આવેલ મંદિરના મહંતે હોસ્પિટલના જવાબદાર અધિકારી અને કર્મચારીઓને વારંવાર રજુઆત કરવા છતાં આંખ આડા કાંન કરવામાં આવી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.




સરકારે બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે કડક નિયમો બનાવ્યા છે, હાલ મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે ત્યારે શહેરમાં કોરોનાના દર્દીઓની સારવાર અર્થે ઉભી કરવામાં આવેલ કોવીડ-૧૯ હોસ્પિટલમાં ચાલતી લાલિયાવાડીના દર્દીઓએ વિડીયો વાયરલ કરી આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારે મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલની ઘોર બેદરકારી બહાર આવી છે કોવીડ -૧૯ હોસ્પિટલમાં નીકળતો બાયોમેડિકલ વેસ્ટ અને કચરો નજીકમાંથી પસાર થતી માઝુમ નદીના પટમાં સળગાવવામાં આવતો હોવાથી આસપાસના રહેણાંક વિસ્તારો, નજીકમાં આવેલ મંદિર અને મસ્જિદમાં આવતા લોકો અને નદી નજીકથી પસાર થતા લોકો અને વાહનચાલકોના આરોગ્ય સામે કોરોનાનો ખતરો પેદા થયો છે. માઝુમ નદીના કિનારે આવેલ અંબે માતાજીના મંદિરના મહંતે આ અંગે કોવીડ-૧૯ હોસ્પિટલના કર્તાહર્તા અને કર્મકારીઓએને વારંવાર વિનંતી કરવા છતાં માઝુમ નદીના પટમાં બાયોમેડિકલ વેસ્ટ અને કચરો સળગાવી નિકાલ કરવામાં આવતો હોવાનો આક્ષેપ કરતા આરોગ્યતંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

## કાળીડુંગરી ગામ પાસે ત્રાટકી વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સને ઝડપતી ભિલોડા પોલીસ

ભિલોડા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં આજકાલ વિદેશી દારૂના બુટલેગરોનો રાફડો ફાટી નીકળ્યો છે. વિદેશી દારૂના ચાહકોમાં વધારો થતાં આ ધંધો ગ્રામિણ વિસ્તાર સુધી પહોંચી ગયો છે. જેથી પોલીસતંત્રએ અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા તેમજ આવા તત્વોને શોધી કાઢવા તાકીદ કરેલ છે.




ભિલોડા પો.સ.ઈ. કે.કે. રાજપૂત અને તેમની ટીમે બાતમીના આધારે ભિલોડા તાલુકાના કાળીડુંગરી ગામે રાજુભાઈ બદાભાઈ ડામોરના ઘર નજીક આવેલા નાંદોજ ગામના તળાવની આસપાસ વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતાર્યો હોવાની માહિતીના આધારે દરોડો પાડતાં તળાવની પાળ પાસે ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો તથા બીયરનાં ટીન મળી કુલ નંગ. ૧૧૩ કિંમત રૂપિયા ૨૭,૩૭૮ નો જુદી જુદી બ્રાન્ડનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી ભિલોડા પોલીસે આ શખ્સ સામે પ્રોહી એક્ટ કલમ ૬૫ એઈ, ૧૧૬ બી. મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ ભિલોડા પો. સ. ઈ. કે. કે. રાજપૂત ચલાવી રહ્યા છે.

## આજે હિંમતનગર પાલિકાની સામાન્ય સભા યોજાશે

હિંમતનગર નગરપાલિકા દ્વારા ગુરૂવારે બપોરે ચાર વાગે પાલિકાના ટાઉનહોલમાં સામાન્ય સભા યોજાશે જેમાં શહેરના વિકાસ કામો તથા નગરપાલિકાના કર્મચારીઓ અને રોજમદારોને નિયમ મજુબ મળવાપાત્ર નાણાંકીય રકમ અંગે ચર્ચા કરી નિર્ણય લેવાશે. ટાઉનહોલ ખાતે યોજાનાર આ સામાન્ય સભામાં પાલિકાએ તેના એજન્ડામાં ૨૬ મુદ્દાઓનો સમાવેશ કર્યો છે. જેમાં મુખ્યત્વે નવુ નગરપાલિકા ભવન, ટાવર પાસેના બગીચાને રીડેવલોપ કરવા માટે ચર્ચા કરાશે. તે ઉપરાંત એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે રીટેનીંગ વોલ બનાવવાની કામગીરી માટે ચૌદમાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી જે રકમ બચી છે તે અંગે ચર્ચા કરાયા બાદ નિર્ણય લેવાશે ઉપરાંત ટીપી રોડ તથા અન્ય મંજુર થયેલી ટીપી રસ્તાઓની પહોળાઈને ધ્યાનમાં રાખીને ચર્ચા કરાશે. તથા નગરપાલિકાના તમામ વિભાગોના ભંગાર સામાનની હરાજી કરવા પણ સામાન્ય સભાની મંજુરી લેવાયા બાદ આગળનો નિર્ણય કરાશે.

## લાયન્સ-લિયો કલબ બાયડનું ગૌરવ

લાયન્સ કલબ ઈન્ટરનેશનલના લિયો મલ્ટીપલ ૩૨



૩૨ (ગુજરાત રાજ્ય)માં લિઓ ક્લબ બાયડના પૂર્વ પ્રમુખ ચિરાગ દેવચંદભાઈ પરમારની યશસ્વી કામગીરી બદલ લિઓ મલ્ટીપલમાં ડાયરેક્ટર એન્વાયરમેન્ટ તરીકે વરણી થયેલ છે. ચિરાગ પરમારની નિમણૂકથી લાયન્સ લીઓ ક્લબ બાયડના સર્વે હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.

## મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના લક્ષ્મીપુરા ગામના દિવ્યાંગ શિક્ષકની દિવ્યતા

### ૫૦૦ છોડ જાતે તેમજ અન્ય દ્વારા ૬૧૧ મળી કુલ ૧,૧૧૧ વૃક્ષોની વાવણી કરી તેના જતન માટેની તૈયારી

દિવ્યાંગ એટલી એવી વ્યક્તિ જેને ભગવાને કોઈ દિવ્ય શક્તિ એટલે કે કોઈ અંગ કે ઈન્દ્રિઓની જગ્યા પર કોઈ દિવ્ય ઈન્દ્રિય કે અંગ આપેલ હોય. દિવ્યાંગ વ્યક્તિઓ અનેક પ્રકારની સામજિક પ્રવૃતિઓ દ્વારા સન્માનને પાત્ર બન્યા છે. કંઈક આવી જ એક વાત મહેસાણાના ઉંઝા તાલુકાના લક્ષ્મીપુરા ગામના દિવ્યાંગ શિક્ષકની છે. લક્ષ્મીપુરાના દિવ્યાંગ શિક્ષક સીતારામભાઈએ તેમની શાળા અને ગામમાં વિવિધ સંસ્થાઓના સહયોગથી ૧,૧૧૧ વૃક્ષોની વાવણી કરી અન્ય શિક્ષકો અને નાગરિકો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યુ છે. દિવ્યાંગ સીતારામભાઈએ ગામના હરીયાળું બનાવી દિવ્ય કામ કર્યુ છે.

વાત આટલે અટકતી નથી સીતારામભાઈને ઉત્સાહ અને દિલદારી પણ જોવાલાયક છે. માત્ર ૨૩ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકો ધરાવતી આ શાળામાં ૪૦૦ જેટલા સરગવાની વાવણી કરી વર્ટીકલ કીચન ગાર્ડન માટેની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકીત જોષીના માર્ગદર્શન હેઠળ કુપોષણ નાબુદી થાય તે માટે સરગવા થકી બાળકોને પોષણ મળે તે દિશામાં જિલ્લામાં કામ કરાઈ રહ્યું છે. દિવ્યાંગ શિક્ષક સીતારામે છોડમાં પણ રામના દર્શન કરી છોડની રોપણી, વાવણી અને આવન જાવન સહિત તમામ ખર્ચ પોતે ભોગવેલ છે. જિલ્લાને હરીયાળો બનાવવો હોય તો વૃક્ષોની વાવણી જરૂરી છે ત્યારે આવા સમયે દિવ્યાંગ શિક્ષક સીતારમભાઈએ ૫૦૦ વૃક્ષ ગામમાં અને શાળામાં અને બીજા ૬૧૧ વૃક્ષો ગામના ખેતર અને સીમમાં ગામની સંસ્થાઓ અને ગ્રામ પંચાયતના સહયોગથી વાવી દિવ્ય કામ કરી અન્યોને પ્રેરણાપુરી પાડી છે.



## મોડાસામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા શહેરમાં આગામી સમયમાં આવી રહેલી બકરાઈદ અને રક્ષાબંધન તહેવાર અનુલક્ષીને મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ડીવાયએસપી ભરત બસીયાના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં રથયાત્રા ઉત્સવ સમિતિના સદસ્યો અને મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાંતી સમિતિના સદસ્યો એવા અપ્સર ચિસ્તી અને મન્સુરઅલી બેલીમનું કોરોનાથી મોત નિપજતા શાંતિ સમીતિની બેઠકમાં ૨ મિનિટ્સ મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી. શાંતિ સમિતિની બેઠકમાં હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહી હિન્દુ-મુસ્લિમ ધર્મના તમામ તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

# અજીબોગરીબ ઘટના : પાંચ મહિના અગાઉ જેની હત્યા થઈ હતી તે યુવક જીવીત નીકળ્યો

મેઘરજ, તા. ૨૯

મેઘરજના મોટી મોરી ગામની સીમમાંથી ૬ ફેબ્રુઆરીએ અજાણ્યા યુવકની ચાદરમાં લપેટેલી યુવકનો મૃતદેહ મળી આવતા મૃતકના હાથે દોરેલ ટેટુના આધારે મૃતક યુવક રાજસ્થાનના ખરપેડા ગામનો ઈશ્વર ખાતુભાઈ મનાતની હોવાનું ખુલ્યું હતુ. તેના પરિવારજનોને જાણ કરતા મૃતદેહ લેવા પરિવારજનો ઈસરી પોલીસસ્ટેશને પહોંચ્યા હતા. પરિવારજનો અને સગા-સંબંધીઓ યુવકની ઓળખ કરવામાં આઘાપાછી કરતા શરૂઆતથી જ પોલીસના શંકાના દાયરામાં આવી ગયા હતા અને ઘરેલુ ઝગડામાં ઈશ્વરની હત્યા તેના બંને ભાઈઓએ કરી હોવાનું કબુલાત કરતા પ્રકાશ ખાતુભાઈ મનાત અને પારસ ખાતુભાઈ મનાત મોડાસા સબજેલમાં ધકેલી દીધા હતા. પરિવારજનોએ મૃતકની અંતિમવિધિ પણ પૂર્ણ કરી હતી ત્યારે અચાનક મૃતક યુવક ઈશ્વર

## હત્યારા ભાઈઓ જેલમાં, તો પરિવારે અંતિમક્રિયા કોની કરી..??

પાંચ મહિના પછી ઘરે પરત ફરતા પરિવારજનો અને પત્નીની આંખો ફાટી ગઈ હતી. ઈશ્વરે કામકાજ અર્થે સૌરાષ્ટ્રમાં હતો અને લોકડાઉનમાં ફસાયો હોવાનું જણાવી રહ્યો છે. ઈસરી પોલીસે હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો ત્યારે ઈશ્વર જીવતો પરત ફરતા ઈસરી પોલીસ માટે પણ હવે નવેસરથી તપાસમાં લાગી ગઈ છે.

૫ મહિના અગાઉ સગા ભાઈઓના હાથે હત્યા થઈ હતી એ ઈશ્વર ખાતુભાઈ માનત નામનો યુવક જીવીત હાલતમાં ઘરે પરત ફરતા અનેક સવાલો પેદા થયા છે જેમાં ઈશ્વરની હત્યાના આરોપસર મોડાસા સબજેલમાં સજા કાપી રહેલા પ્રકાશ ખાતું મનાત અને પારસ ખાતુભાઈ મનાત બંનેએ પોતાના સગા ભાઈની હત્યાનો ગુન્હો કઈ રીતે કબુલ્યો ..? અથવા બંને ભાઈઓએ અન્ય યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો કે શું..? મૃતકની પત્નીએ અને પરિવારજનોએ હાથ પર દોરેલ ટેટુના આધારે યુવક ઈશ્વર જ હોવાનું માની લઈ અંતિમક્રિયા પણ કરી દીધી તો પત્નીએ અને પરિવારજનોએ મૃતક યુવકનું મોઢું પણ જોયું નહિ હોય..? મોટીમોરી નજીકથી બિનવારસી હાલતમાં મળેલ યુવકનો મૃતદેહ કોનો હતો અને કોણ ફેંકી ગયું...?? ઈશ્વરના બંને ભાઈઓ હત્યા કબૂલવા તૈયાર કેમ થયા..!! સહીત અનેક પ્રશ્નો પેદા થયા છે. હાલ તો ઈસરી પોલીસે હત્યા થયેલ ઈશ્વર જીવિત હોવાનું બહાર આવતા નવેસરથી તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે હાલ ઈશ્વર ડુંગરપુર હોવાથી પોલીસ ડુંગરપુર જવા રવાના થઈ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## શું હતો સમગ્ર બનાવ, પોલીસે હત્યાનો ભેદ કઈ રીતે ઉકેલ્યો હતો ?

મેઘરજના મોટી મોરી ગામની સીમમાંથી ૬ ફેબ્રુઆરીએ અજાણ્યા યુવકની ચાદરમાં લપેટેલી યુવકનો મૃતદેહ મળી આવતા મૃતકના હાથે દોરેલ ટેટુના આધારે મૃતક યુવક રાજસ્થાનના ખરપેડા ગામનો ઈશ્વર ખાતુભાઈ મનાતની હોવાનું ખુલ્યું હતું તેના પરિવારજનોને જાણ કરતા મૃતદેહ લેવા પરિવારજનો ઈસરી પોલીસસ્ટેશને પહોંચ્યા હતા. પરિવારજનો અને સગા-સંબંધીઓ યુવકની ઓળખ કરવામાં આનાકાની કરતા શરૂઆતથી જ પોલીસના શંકાના દાયરામાં આવી ગયા હતા. આજ કડી અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર માટે મહત્વની સાબિત થયી હતી અને યુવકની હત્યા કરનાર તેના જ બે સગા ભાઈઓને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

અરવલ્લી પોલીસતંત્રએ હત્યારાઓને શોધવા વિવિધ ટીમો બનાવી બાતમીદારો સાથે રાખી સઘન તપાસ હાથ ધરાતા મૃતક યુવકની હત્યા તેની માતાની અંતિમક્રિયામાં ન બોલાવતા થયેલી બબાલમાં તેના બે સગા ભાઈ પ્રકાશ અને પારસે બબાલ કરી પ્રકાશે કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી બે દિવસ ઘરે મૂકી રાખ્યા પછી હત્યાનું પાપ છુપાવવા રાજસ્થાનને અડીને આવેલ મેઘરજના મોટીમોરી ગામની સીમમાં ચાદર વીંટાળી બાઈક પર લઈ આવી નાખી દીધી હોવાની માહિતી પ્રાપ્ત થતા બંને ભાઈઓને દબોચી લઈ સઘન પૂછપરછ કરતા તેમની માતાના અંતિમક્રિયાની ઈશ્વરને જાણ ન કરતા અને અગાઉ થયેલ ઘરકંકાસમાં હત્યા કરી દીધી હોવાની કબૂલાત કરતા બંને ભાઈઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ હત્યાનો ભેદ ઉકેલવામાં જિલ્લા પોલીસતંત્ર સફળ રહ્યું હતું.

રાજસ્થાનના ખરપાડા ગામમાં રહેતા ત્રણ ભાઈઓમાંથી ઈશ્વર ખાતુંભાઈ મનાત તેના ભાઈઓ સાથે ઘરકંકાસ થતા તેની સાસરીમાં રહેતો હતો ૧ ફેબ્રુઆરીએ તેની માતા હાજુંબેન માનસિક રીતે બીમાર હોવાથી અગમ્ય કારણોસર સળગી મરણ જતા તેના ભાઈ પ્રકાશ ખાતુભાઈ મનાત અને પારસ ખાતુભાઈ મનાતે ઈશ્વરભાઈને જાણ કર્યા વગર અંતિમક્રિયા કરી દેતા તેની માતાના મોતના સમાચાર મળતા તેના વતન ખરપાડા ઘરે પહોંચ્યો હતો અને તેના બંને ભાઈઓને ઠપકો આપતા ઉગ્ર બોલાચાલી થયા બાદ બંને ભાઈઓએ માથાકૂટ કરતા ઈશ્વર સાથે મારઝૂડ કરી પ્રકાશે ઈશ્વરના માથામાં કુહાડીના ઘા ઝીંકી દઈ ઈશ્વરની હત્યા કરી દીધી હતી અને માતાનું મરણ થયેલ હોવાથી લોકોની અવર-જવર રહેતા બે દિવસ ઘર નજીક ઢાળિયામાં ઈશ્વરના મૃતદેહને સંતાડી રાખી મોકો મળતા રાત્રીના સુમારે બંને ભાઈઓ ઈશ્વરના મૃતદેહને ચાદરમાં વીંટાળી બાઈક પર મૂકી મેઘરજના મોટીમોરી ગામની સીમમાં ફેંકી દીધી હતી પરંતુ આખરે પાપ છાપરે ચઢીને પોકારે તેમ તેમના ભાઈનો મૃતદેહ ઓળખવાની આનાકાની કરવાનું ભારે પડી ગયું હોય તેમ શંકાના દાયરામાં આવી જતા હત્યાનો ગુન્હાનો ભેદ ઉકેલવામાં પોલીસ સફળ રહી હતી.